# ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૦

અંક : ૪


## ગૌરવ દિન

તારીખ ૧ લી મે ગુજરાત માટે ખુબજ અગત્યનો દિવસ છે. આજ દિવસે એટલે કે તા. ૦૧/૦૪/૧૯૬૦ના રોજ મુંબઈ રાજયથી અલગ થઈ ગુજરાત રાજયની સ્થાપના થઈ અને અમરેલીના પનોતા પુત્ર એવા શ્રી ડો. જીવરાજ મહેતાએ ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રીનું પદ ગ્રહણ કરેલ. ગાયકવાડ સરકારનું એક થાણું એવુ આ અમરેલી જીલ્લા મથક બન્યુ. ક્રમશઃ ભૌગોલિક નકશામાં ફેરફાર સાથે અગિયાર તાલુકાનું મુખ્ય મથક બની વિકાસ તરફ બાખોડીયા ભરતા આ જીલ્લા માટે પૂર્ણ પણે વિકસવાની ફરીવાર એક ઉતમ તક લઈને આ ૧ લી મે નો દિવસ આવી રહયો છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ દિવસને ગુજરાત ગૌરવ દિન તરીકે અમરેલીમા ઉજવવાની જાહેરાત કરેલ અને આ રીતે આ ૪૯માં ગુજરાત સ્થાપના દિવસ કે ગુજરાત ગૌરવ દિનની ઉજવણી કરવાની તક અમરેલી જીલ્લાને મળેલ છે. ગુજરાત ગૌરવ દિનના યજમાન એવા આપણા અમરેલીના ભાગ્ય આજથી લગભગ બે મહીના પહેલા ખુલેલ કે જયારે આ દિવસ અમરેલીના આંગણે ઉજવવાની સતાવાર જાહેરાત થયેલ. પછીતો પુછવું જ શું ઘણા વર્ષો બાદ શહેરને સ્વચ્છ બનાવવા અભિયાન છેડાયું. અમરેલીના વણ ઉકેલાયેલ એવા કામોને વેગ મળ્યો અને પરીકથાની કુંવરીની જેમ અમરેલી શણગારાઈ ગયુ. આપણને ખરેખર એમ લાગે કે વહિવટી તંત્ર અને સ્થાનિક લોકો ધારે તો શું કરી ન શકે કારણ કે અમરેલી જીલ્લાનો દરેક નાગરીક આ વાતનો સાક્ષી છે. પોતાની જણસ વેચવામાટે કે હટાણુ કરવા ગ્રામ્ય વિસ્તારનો કોઈ નાગરીક અમરેલીમા પ્રવેશ કરે ત્યારે જાણે કે કોઈ સુંદર નગરીમા આવ્યો હોય તેવુ મહેસુસ કરે છે.

એપ્રિલ ૨૦૦૮નાં "ટપક" અંક સહયોગ

**ડો. મુકેશકુમાર સિંહ**

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ચાવંડ**

***વિશ્વની ઈકોલોજીકલ ફૂટપ્રિન્ટ તેની જૈવિક સક્ષમતા કરતા ૪૦% વધી છે.***

**માટી ચકાસણી ગતાંકથી ચાલુ...**

જમીન માં જરૂરી એવા તત્વોનું મહત્વ.

(૧) સેન્દ્રિય કાર્બન

જમીનમાં ઓછા પ્રમાણમાં રહેલા સેન્દ્રિય તત્વોમાં કાર્બનનું પ્રમાણ ઘણું વધારે છે. થોડા પ્રમાણમાં હોવા છતા સેન્દ્રિય પદાર્થ જમીનના ભૌતિક કે રાસાયણિક ગુણો ઉપર ઘણી અસર કરે છે. સેન્દ્રિય ઘટકમાં જરૂરી પોષક તત્વ હોય છે અને પાણીનો સંગ્રહ કરવાની અને કેટાઈન ગ્રસવાની સારી ક્ષમતા છે. જમીનમાં રહેલ સુક્ષ્મ જંતુઓને જે રીતે ખોરાક ની અગત્યતા હોય છે, તે રીતે હવાની અવર જવર તથા તાપમાન ઉપર થતી આડકતરી અસર પણ એટલીજ અગત્યની છે.

સેન્દ્રિય કાર્બન ૦.૫ % થી ૦.૭૫ % હોવું જોઈએ જો તેનુ પ્રમાણ ૦.૫ % થી ઓછું હોયતો એકરે ૨૦૦૦ કી. ગ્રા. છાણીયું ખાતર નાખવું જોઈએ.

(૨) જમીનમાં પી.એચ નું મહત્વ

જમીન આલ્કલાઈન હોય તો મીઠી કહેવાય, એસોડિક હોય તો તેને ખારી કહેવાય. પીએચ ૭ હોય તો ન્યુટ્રલ ગણાય, ૭ થી વધારે હોય તો આલ્કલાઈન અને ૭ થી ઓછો હોયતો એસોડિક ગણાય. નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશ વિગેરે છોડને જરૂરી ખોરાક મેળવવા માટે પીએચ અગત્યનો ભાગ ભજવે છે. માટે પીએચ ની નિયમીત ચકાસણી કરવી. પીએચ ૭.૫ થી ઓછો નહી પરંતુ ઉપર હોવો જોઈએ.

(૩) નાઈટ્રોજન નાઈટ્રેટ

બધા જરૂરી ઘટકોમાં નાઈટ્રોજન નાઈટ્રેટ વિશે વધુમાં વધુ સંશોધન અને અભ્યાસ થયો છે. આ ઘટકનું પ્રમાણ તેના બધાયે જુદા જુદા સ્વરૂપમાં ઘણું ઓછું હોય છે. પાકમાં વાર્ષિક વપરાશ સરખામણીમાં ઘણો વધારે હોય છે.

કલોરોફીલ એન એન્ઝાઈમ જેવાં ઘણા કંમ્પાઉન્ડમાં નાઈટ્રોજન અવિભાજીત અંગ છે. આવા કંમ્પાઉન્ડો છોડની વિકાસમાં પ્રક્રિયામાં ઘણો ફાળો આપે છે. જમીનની ઉપર ઉગતા દરેક શાકભાજીના વિકાસમાં અને તેના પાંદડામાં ઘેરો લીલો રંગ પ્રદાન કરવામાં મહત્વનો ફાળો આપે છે. નાઈટ્રોજનની ઉણપના કારણે વનસ્પતિના પાંદડા ફીકકા પડી જાય છે તેમજ સુકકા દેખાય છે. ઉંચાઈવાળા પાકના ભાગમાં જમીનમાંનો નાઈટ્રોજન પહોંચતો નથી સેન્દ્રિય રૂપમાં નાઈટ્રોજન ત્રણ પગલામાં રૂપાંતરીત થાય છે. પહેલા તેનું રૂપાંતર એમીનો કમ્પાઉન્ડમાં (R-NH2)ત્યાર બાદ (NH4) આયર્ન માં રૂપાંતર થાય છે. અને છેલ્લે નાઈટ્રેટ (NO3) ના રૂપમાં રૂપાંતર થાય છે. ઘણા ખરા પાક ( NO3) કે (NH4) ના રૂપમાં નાઈટ્રોજન ગ્રહણકરે છે. નાઈટ્રેટ નાઈટ્રોજનનું પ્રમાણ ૫ થી ૧૦ હોવું જોઈએ

(૪) એમોનિયા નાઈટ્રોજન

એમોનિયા નાઈટ્રોજન પણ પાકની વૃધ્ધિ માટે અગત્યનું છે. જે ૨૦ થી ૩૦ હોવું જોઈએ.

(૫) ફોસ્ફરસ

ફોસ્ફરસ પાકના વિકાસ અને ઉત્પાદન માટે અગત્યનું ઘટક છે. પોષક દ્રવ્યો ને જીવંત પદાર્થમાં ફેરવવામાં મદદ કરે છે. મુળ ના વિકાસ માટે પણ બહુ ઉપયોગી છે. ફોસ્ફરસ પરીક્ષણ વખતે ૧૫ થી ૨૫ હોવુ જોઈએ.

(૬) પોટેશીયમ

પાકના વિકાસ માટે ત્રીજું અગત્યનું પોષણ આપતું ઘટક પોટેશીયમ છે. પોટેશીયમ ફોટોસિન્થેસીસ, પ્રોટીન સિન્થેસીસ સ્ટાર્ચ બનાવવા માટે અને સાકર ટ્રાન્સલોકેશન માટે અગત્યનું ઘટક છે. આનાથી પુષ્પીકરણ વધે છે. અને ફળો માં સ્વાદ વધે છે. પોટેશીયમ ની ઉણપ થી ફળ અને ફુલોનો દેખાવ ખરાબ અથવા નહીવત જેવો થાય છે. પોટેશીયમ ૬૦ થી ૧૨૦ કી.ગ્રા. જોઈએ. ૬૦ થી નીચે ઓછુ ગણાય માટે એકરે ૧૫૦ કી.ગ્રા. સલ્ફેટ નાખવું.

(૭)મેગ્નેશીયમ

મેગ્નેશીયમની ગણના દ્વિતિય સ્તરના પોષક તત્વ તરીકે થાય છે. તેના કારણે ક્લોરોફીલ નામ નો રંગ બને છે. મેગ્નેશીયમ પરીક્ષણ વખતે ૩૦ થી ૪૦ જોઈએ.

(૮) કેલ્શીયમ

કેલ્શીયમ –૧થી ૨ % હોવું જોઈએ.

૨.૫ થી ૩% વધારે ગણાય.

૧થી ૨% મધ્યમ ગણાય.

૦ થી ૧% ઓછું ગણાય.

ઉપર ના તત્વો પાક ના જરૂરી વિકાસ માટે જરૂરી છે. માટે માટી પરીક્ષણ દ્વારા જાણી શકાય કે કયાં તત્વો જરૂરી છે. જેથી તેની પુર્તતા કરી સારો પાક મેળવી શકાય.

સંકલન : અશોક શેલાર

## તકલીફ/નિવારણ

**પાકમાં માઈક્રોન્યુટ્રિઅન્ટની ઉણપ જાણો.**

| ન્યુટ્રિઅન્ટ | પ્રભાવ | ઉણપની નિશાની | નિવારણ |
|---|---|---|---|
| લોહ Fe | ક્લોરોફીલ બનાવવામા મદદ કરે છે. | પાંદડાના રેષાઓ વચ્ચે પીળાશ | આયર્ન સલ્ફેટનો છંટકાવ કરવો. |
| ઝીક અને તાંબુ ZA અને CU | એન્ઝાઈમ પ્રોત્સાહક | વિકાસનો અભાવ | ઝીક સલ્ફેટ અને કોપર સલ્ફેટનો છંટકાવ. |
| મેગ્નેનીઝ Mn | ફોટોસીન્થેસીસ દરમ્યાન પ્રાણવાયું છુટો પાડવામાં ફાળો આપે છે. | ફલોરોસીસ જુના પાંદડાનો રંગ ઝાંખો પડી જાય અથવા રંગ બદલાય જાય | મેગ્નેનીઝ સલ્ફેટનો છંટકાવ |
| બોરોન B | અંકુર અને મુળના એપીકલ વિકાસમાં મદદ | મુળનો અસંતોષકારક વિકાસ | બોરકસ અથવા બોરીક એસીડનો છંટકાવ |
| મોલોલ્ડેમનમ Mo | છોડને નાઈટ્રેટ વાપરવામાં મદદ કરે છે. | ઝાંખા અને તેજવિહીન પાંદડા | એમોનીયમ મોલોલ્ડેમનો છંટકાવ |

**શ્રધ્ધા અને શ્રમ પ્રતિકુળતાને પલટાવી શકે છે.**

**વર્મીકમ્પોસ્ટ**

આપણા દેશમાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ કોઈપણ જાતના વૈજ્ઞાનીક દ્રષ્ટિકોણ સીવાય થતો હોય તેમ લાગે છે. મોટા ભાગના ખેડુતો જમીન ચકાસણી કરાવતા નથી. જમીનમાં કયુ તત્વ ઘટે છે તેમાં કેટલુ અને કયું ખાતર નાખવુ તેની સમજ ખૂબજ જરુરી છે. રાસાયણીક ખાતરનાં વધુ ઉપયોગથી જમીન કઠણ અને ક્ષારવાળી થાય, અસંખ્ય ઉપયોગી સુક્ષ્મ જીવાણુઓ નાશ પામે, ખર્ચ વધે અને ઉત્પાદન ઓછુ આવે છે.

જુદા જુદા અભ્યાસો કહે છે કે નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશવાળા ખાતરોની કાર્ય ક્ષમતા ૨૦% થી ૬૦% છે. આથી રાસાયણીક ખાતર પાછળ ખર્ચાતી રકમનુ વળતર જોઈએ તેટલું મળતું નથી. જેથી વિકસીત દેશોએ રાસાયણીક ખાતરનો ઉપયોગ ઓછો કરી જૈવિક ખાતર તરફ વળ્યા છે. આવુ એક જૈવિક ખાતર **વર્મીકમ્પોસ્ટ (અળસીયાનું ખાતર)** છે.

વર્મીકમ્પોસ્ટ ઢોરનું છાણ અને ખેતરના કચરામાંથી બને છે. ફકત દોઢ થી બે મહીનામાં આ ખાતર તૈયાર થાય છે. તેમાં નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ મુખ્ય તત્વો ઉપરાંત કોપર, મેગ્નેશીયમ, જીંક, સલ્ફર, કોબાલ્ટ, બોરેન જેવા સુક્ષ્મ તત્વો પણ હોય છે. જેની માત્રા છાણીયા ખાતર કરતા ૮ થી ૧૦ ગણી વધારે હોય છે.

અળસીયાની ૪૨૦૦ જેટલી જાતી છે. તેમાંથી ૫૦૯ જાતી ભારતમાં જોવા મળે છે. પરંતુ વધુ ઉપયોગી ત્રણ જાતીનો વર્મી કલ્ચરમાં ઉપયોગ થાય છે.

(૧) આઈસીનીયન ફટેડા

(૨) યુકિલસ યુજીની

(૩) પેરીયો નિકસ એકસ્વેટસ– સ્યાનીક

આઈ સીનીયા ફટેડા અને યુકિલસ યુજીની વિદેશી જાતના અળસીયા છે. જેનો ભારતમાં વર્મી કમ્પોસ્ટ માટે ઉપયોગ થાય છે. આ અળસીયા ખુબ ઝડપથી સેન્દ્રિય કચરાનું ખાતર બનાવે છે. તેઓ ૯૦% છાણ ૧૦ %માટીનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. તે પોતાના વજન કરતા પાંચ ગણું ભોજન રોજ આરોગે છે.

<u>વર્મી કમ્પોસ્ટ બનાવવાની રીત</u>

(૧) ઉંચાણવાળી અને સપાટ જમીન પસંદ કરવી, શકય હોયતો નીચે પાકું કોબું (સીમેન્ટનું) અથવા પ્લાસ્ટિકનું કપડું નાખવું જેથી અળસીયા જમીનમાં નીચે જતા ન રહે.

(૨) ઉપર છાંયડો કરવો, વૃક્ષ નીચે પણ ચાલે અથવા લીલી નેટ નાંખવી.

(૩) ફકત છાણ મળે તો સારુ પરંતું વેસ્ટ કચરો નાખવો હોયતો નીચે જાડો કચરો તેના પર છાણ આમ થર કરવા બેડની ઉંચાઈ ૧થી૨ ફુટ×૩ ફુટ પહોળાઈ×૧૦ ફુટ લંબાઈ રાખી શકાય.

(૪) તાજા બેડ હોય તો ૧૫ દિવસ ઠરવા દો, ૧૫ દિવસ જુના હોયતો ૧ બેડમાં ૫ થી ૬ કિલો અળસીયા નાખવા.

(૫) બેડ ઉપર કોથળા ઢાંકી દેવા જેનાથી ભેજ ટકી રહે છે.

**સફળ થવુ છે તો સફળતાના વિચારો કરવાની ટેવ પાડો**

(૬) બેડ પર દિવસમાં બે વાર પાણીનો છંટકાવ કરવો તેમાં ભેજ ૬૦ % અને ૩૦ ડીગ્રી સેન્ટીગ્રેડથી તાપમાન વધે નહી તેની કાળજી રાખવી. (અળસીયા પર કચરો ચોંટેલો છે કે નહી તેના આધારે કેટલો ભેજ છે તે જાણી શકાય)

(૭) પ્રથમ ૧૫ દિવસે હળવા હાથે ખંપાળી ફેરવવી ત્યારબાદ દર અઠવાડીયે ફેરવવી.

(૮) ૪૫ દિવસ બાદ ખાતર તૈયાર થતા ૪ થી ૫ દિવસ પાણીનો છંટકાવ બંધ કરવો અને હળવા હાથે ઉપરનું ખાતર લેવું અને બે ત્રણ દિવસમાં પુર્ણ ખાતર મળી જશે.

(૯) બેડની બાજુમાં બીજા બેડ તૈયાર રાખવા તેના પર નીચે વધેલા અળસીયા નાખી દેવા.

(૧૦) તૈયાર ખાતરની થેલીઓ ભરી લેવી. તેનો ઉપયોગ પોતાના ખેતરમાં કરી શકાય તેમજ ઉત્પાદન વધારે થાય તો તેનું વેચાણ પણ થઈ શકે.

<u>વર્મી કમ્પોસ્ટથી થતા ફાયદા</u>

(૧) જમીનની ભેજ ધારણ શકિત વધે છે. નિતાર શકિત વધે છે.

(૨) પાકને જરૂરી ૧૬ તત્વો પુરા પાડે છે. જેથી રાસાયણીક ખાતરની જરૂરીયાત રહેતી નથી.

(૩) નિંદામણ અટકે, ખેતી ખર્ચ ઘટે અને નફો વધે છે.

(૪) જમીન, પાણી અને વાતાવરણનું પ્રદુષણ અટકે છે.

(૫) બધા પાકોમાં પાયાના ખાતર કે પૂર્તિ ખાતર તરીકે વાપરી શકાય છે.

(૬) જમીન પોચી અને ભરભરી બનાવે છે. જમીનમાં હવાની અવર જવર વધે છે.

(૭) જમીનનો પીએચ આંક ૬.૫ થી ૭.૫ રહે છે જે પાક માટે ઉતમ છે.

(૮)પાકનું ઉત્પાદન વધુ, ગુણવતા ઉતમ પ્રકારની થાય અને ખોરાક પૌષ્ટિક બને છે.

(૯)પાકની વૃધ્ધિ વધારે ઝડપી બને છે.

<u>અળસીયાના ખાતરમાં રાસાયણીક ગુણો</u>

(૧) નાઈટ્રોજન (કિ.ગ્રા) ૨૭.૫
(૨) ફોસ્ફરસ (કિ.ગ્રા) ૧૭.૫
(૩) પોટાશ (કિ.ગ્રા) ૧૭.૫
(૪) બીજા સૂક્ષ્મ જીવો (કિ.ગ્રા) ૪.૦

<u>વાપરવાની રીત</u>

મગફળી અને કપાસમાં હેકટરે ૨ થી ૩ મેટ્રીક ટન
ધાન્ય તથા કઠોળના પાકોમાં હેકટરે ૨ થી ૨.૫ મેટ્રીક ટન
શાકભાજીમાં હેકટરે ૨ થી ૪ મેટ્રીક ટન
બાગાયતી પાકોમાં ૫ થી ૧૦ કીલો પ્રતિ ઝાડ દીઠ વાપરી શકાય છે.

<u>આપ અળસીયા તથા અળસીયાનુ ખાતર મેળવવા નીચેના સરનામે સંપર્ક કરી શકો છો.</u>

**અવિરત એગ્રો પ્રોડયુસર કંપની લી., આશ્રમપરા, ખાંભા–૩૬૫૬૫૦ ફોન નં ૦૨૭૯૭ ૨૬૦૦૭૯**

**કામમા રોકાયેલા માણસ પાસે જઈને માત્ર કામની જ વાત કરશો.**

## રાજ્ય સ્તરીય સંમેલન

સમાજ સુરક્ષા વિભાગના ડેપ્યુટી સેક્રેટરી શ્રી સી.બી.પંડયાની ઉપસ્થિતિમા તા. ૨૨/૪/૦૮ના રોજ યોજાયેલ આ સંમેલનમાં ગુજરાતમાંથી ૧૧ જિલ્લામાંથી ૩૧ સ્વૈચ્છિક સંસ્થાના કાર્યવિસ્તાર અને મહિલા સંગઠનો માંથી ૧૮૦૦ બહેનો અને ૧૫૦ ભાઈઓ હાજર રહ્યા હતાં. ઘરેલુ હિંસા સામે રક્ષણ આપતા કાયદાના અમલીકરણ માટે સવારથી બહેનોમાં ઘરેલું હિંસા સામે કાયદાનો યોગ્ય ઉપયોગ કરીને સામુહિક લડત આપવાનો જોમ હતો.

બપોર પછીના સેશનમાં, બહેનો સાથે થતી હિંસા ઘટાડવાના પગલે શું કરવાની જરૂર છે, કેવી રીતે કરીશું અને એ માટે કેવા ટેકાની જરૂર પડશે. આ બાબતો અંગે લક્ષિત જૂથના સૂચનો માટે જૂથ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું.

## પિયર ગ્રુપ રિવ્યુ વિઝિટ

ક્રેડિબિલીટી એલાયન્સના સભ્ય સંસ્થાઓની મેમ્બરશીપને રીન્યુ કરતા પહેલા તેઓએ પિયર ગ્રુપ રિવ્યુની પ્રક્રિયામાં ભાગ લેવો અને ત્યારબાદ જેતે સંસ્થાની મેમ્બરશીપને રીન્યુ કરવી તેવી ચર્ચા આગળની સ્ટેટ કમીટી મિટિંગમાં થઈ હતી તે મુજબ સંસ્થાના પીજીઆર માટે સાવાજામ સંસ્થામાંથી ભીમશીભાઈ આહીરે તા. ૧૩ એપ્રિલના રોજ સંસ્થાની મુલાકાત લીધી.

## ક્રેડિબિલીટી એલાયન્સ સ્ટેટ કમીટી મિટિંગ.

તા. ૧૯મી એપ્રિલ ૨૦૦૮ના રોજ ક્રેડિબિલીટી એલાયન્સના સભ્ય સંસ્થાઓની સ્ટેટ કમીટી મિટિંગ બ્લાઈંડ પિપલ એસોસીએશન – અમદાવાદ ખાતે મળી હતી. જેમા પિયર ગ્રુપ રિવ્યુ અને સંસ્થાઓના એક્રેડિએશન બાબત ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાતની ત્રણ સંસ્થા મળી ભારતમાં માત્ર પાંચ સંસ્થાઓના પિયર ગ્રુપ રિવ્યુ પૂર્ણ થયેલ છે તેવુ રીજીઓનલ કોઓર્ડિનેટરે જણાવ્યું હતુ.

## તા. ૪ એપ્રિલ ૨૦૦૮

વાયોલેન્સ અગેઈન્સ્ટ વુમનને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં સ્ત્રીઓની સ્થિતી શું છે તે જાણવામાટે રાજ્ય સ્તરીય મિટિંગનું આયોજન તા. ૪ એપ્રિલના રોજ ઓકસફામ દ્વારા કરવામા આવ્યું હતું.

## તા. ૨૬ એપ્રિલ ૨૦૦૮

પ્રથમ સંસ્થા દ્વારા બાળકોની શિક્ષણ અંગેની સ્થિતી જાણવાના હેતુથી દર વર્ષે ASER નામે એક સર્વે કરવામા આવે છે. આ વર્ષે સર્વે પૂર્ણ થતા તેના તારણો અને ફાઈનલ રીપોર્ટ પર ચર્ચા કરવામાટે આ સર્વેમાં ભાગ લીધેલ સ્વયંસેવકો સાથે તા.૨૬ના રોજ એક મિટિંગ સંસ્થાની ઓફીસે મળી હતી.

## તા. ૨૯ – ૩૦ એપ્રિલ ૨૦૦૮

કરીને રહીશું સ્ત્રીઓ સામે થતી હિંસાનો અંત અભિયાન અંતર્ગત પોતાના જીવનમા બદલાવ લાવી ચુકયા છે તેવા પરિવર્તન પ્રેરકો અને એલાયન્સના મેમબર્સ સાથે બે દિવસીય એસેમ્બલીમાં સંસ્થાના એક કાર્યકર હાજર રહ્યા હતા.

# ભારતમાં સંભવિત આપતિવાળા ભૌગોલિક વિસ્તારો

| આપતિનો પ્રકાર | સંભવિત ભૌગોલિક સ્થળ |
|---|---|
| ભુકંપ (કોઈપણ સમયે, આગાહી ન થઈ શકે) | દરેક રાજયોને સંભવિત જોખમ છે. ઝોન ૫ રાજયોઃ તમામ ઉતરપુર્વીય રાજયો, જમ્મુ –કાશ્મીર, ઉતરાંચલ, ગુજરાત |
| વાવાઝોડુ (એપ્રિલ–મે, ઓકટોબર–નવેમ્બર) | ઉતરી હિંદ મહાસાગર, બંગાળની ખાડી, ઓરીસ્સા |
| લેન્ડસ્લાઈડઝ (ભેખડો ઘસી પડવી, વરસાદની ઋતુમાં અને તે પછી) | સિકિકમ,ઉતરપુર્વીય રાજયો, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ, ઉતરાંચલ) |
| પુર (ઓગષ્ટ–ઓકટોબર) | આસામ, ઉતર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, ત્રિપુરા, ગુજરાત, મહારાષ્ટ્ર |
| સ્ટોર્મસર્જ (સામૃદ્ર તોફાન) (ઓગષ્ટથી) | પુર્વીય પટ સૌથી વધુ જોખમીઃ ઉતર ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશનો સમુદ્રીતટ, તમીલનાડુનો સમુદ્રતટ, નાગાપટમનો દક્ષિણભાગ પશ્ચિમી તટ, મહારાષ્ટ્રનો સમદ્રીતટ, હર્નાજનો ઉતર તથા ગુજરાતના દક્ષિણી તટને જોડતો પ્રદેશ, મુંબઈની ખાડીની આસપાસનો સમગ્ર વિસ્તાર, કચ્છનો અખાત |
| સુનામી (ગમે ત્યારે મોટા પાયા પર સિસ્મિક ભુકંપને લીધે આવે) | સમુદ્ર કિનારાના તમામ પ્રદેશોને સંભવિત જોખમ છે. |
| માનવસર્જિત (મોટાભાગે પુર્વ ચેતવણી સહિત) | જમ્મુ–કાશ્મીર, ઉતરપુર્વના રાજયો અને છતીસગઢ |
| રોગચાળો (ઋતુ આધારીત ફલુ માટે સપ્ટેમ્બર પછી) વાહકજન્ય રોગો અને તેના લીધે મોટી આપતિ આવી શકે. | તમામ રાજયોને જોખમ છે. |
| ઔદ્યોગિક અકસ્માત | મોટી ઔદ્યોગિક વસાહતો ધરાવતા તમામ રાજયો |

**સ્ત્રોતઃ કટોકટીમાં જરૂરિયાતોનું આકલન રેડઆર ઈન્ડીયાની તાલીમ**

***કુદરતી આફત તો આવે ને જાય, બચવાના કરીએ પહેલેથી ઉપાય***

## સ્વૈચ્છિક યોગદાન

આ પત્રિકા વર્ષ ૧૯૯૮ માં સ્થાનિક કક્ષાએ ચાલતા વિકાસલક્ષી કાર્યોને ટેકો મળે તે હેતુથી શરુ કરવામાં આવી હતી. ધારણા હતી કે લક્ષિત સમુહના યોગદાનથી આ પત્રિકા ચાલતી રહે. જેથી તે મુજબના પ્રયાસો હતા. વાંચક મિત્રો પોતાનો આર્થિક સહયોગ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલીના નામે મોકલી શકશે. સ્વૈચ્છિક યોગદાન માટે આર્થિક સહયોગની કોઈ મર્યાદા નથી તેમ છતા સગવડતા માટે રૂા. ૧૦૦/– સહયોગ રાશી તરીકે સ્વીકારવામાં આવે છે. શ્રી દેવચંદભાઈ સાવલીયાએ આપેલ વિચાર મુજબ સંસ્થાના સ્ત્રોત અને મેન પાવર બાદ કરતા પ્રિન્ટીગ પોસ્ટેજ ખર્ચ રૂા. ૧૫૦૦/– જે તે માસના અંક સહયોગ તરીકે સ્વીકારવામાં આવે છે.

## પ્રતિભાવ

ટપક કાર્યાલય,

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર નિયમિત રીતે મળે છે. ગ્રામ્ય વિસ્તારમાં ખુબ ઉપયોગી છે. અમારી સંસ્થાના કાર્યકર ભાઈ–બહેનો વાંચી પછી અમો અમારી નજીકના પુસ્તકાલયમાં લોકોનાં વાચન માટે વ્યવસ્થિત મુકીએ છીએ જેનો વધારે લોકો વાચનમાં ઉપયોગ કરે તે અમારું ધ્યેય છે. ટપકનું લવાજમ હોય તો પણ અમોને જાણ કરશોજી આપનો ખુબ સહકાર મળે છે.

રેખા અલગોતર, અમદાવાદ.

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers, Ganesh complex - Amreli and Published at 95-Jalaramnagar (2), Amreli, Editor : Dhiren Vagadia.

Post Regn. No. GAMI-91/2005 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto Dec. 2008 Date Of Issue 1st of month

**ટપક કાર્યાલય :**
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,**
**૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,**
**ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.**
Tel/Fax : 02792-223525
E-mail :tapak@sskkamreli.org

**દરેક વ્યકિતમાં અખૂટ શકિત તો રહેલી છે જ માત્ર જરૂર છે તેને ઓળખવાની.**